પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
(સ્ટેટ મોનીટરીંગ સેલ)
PHDC બિલ્ડીંગ, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પિન કોડ-૩૮૨૦૧૦, ફોન નં-૦૭૯-૨૩૨-૫૪૨૮૮,
ફેક્સ નં-૦૭૯-૨૩૨૪૬૩૨૯, ઈ-મેઈલ :- sp-vigil@gujarat.gov.in

પ્રેસ નોટ **તા.૦૪/૧૦/૨૦૨૬**

તાપી જિલ્લાના વ્યારા ટાઉન પો.સ્ટે.ની હદમાંથી રૂ.૪૦,૦૫૧/- નો વરલી મટકાનો જુગાર પકડી પાડતી સ્ટેટ મોનીટરીંગ સેલ

શ્રી જી.એસ.મલિક, IPS પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓ દ્વારા ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરવામાં આવેલ, જે સંદર્ભે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમોને કામગીરી સોંપવામાં આવેલ.

સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જે.ચાવડાનાઓએ વ્યારા મગદુમ નગર, કાકરાપાર રોડ, દાદાજી ચોક પાસે, પતરાના કેબીન નીચે ખુલ્લી જગ્યામાં, જિ.તાપી. ખાતે રેઈડ કરી **રોકડા રૂપીયા ૪૦,૦૫૧/- તથા વાહનો નંગ-૦૧, મોબાઇલ ફોન નંગ-૧૨ તથા જુગારનુ સાહિત્ય સહીત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૧,૩૮,૦૫૧/-** નો મુદ્દામાલ કબ્જે કરેલ.

રેઇડ દરમ્યાન નીચે જણાવેલ **પકડાયેલ ૦૭, વોન્ટેડ ૦૫ મળી કુલ-૧૨ આરોપીઓ** વિરૂધ્ધ તાપી જિલાના વ્યારા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં- ૧૧૮૨૪૦૦૧૨૬૨૧૩૯/૨૦૨૬, જુગારધારા કલમ ૧૨(અ) તથા ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ ૧૧૨(૨) મુજબનો ગુનો **તા.૦૩/૧૦/૨૦૨૬ ના રોજ** દાખલ કરાવેલ છે.

-: પકડાયેલ આરોપીઓ- ૦૭ :-

(૧) સુમીતભાઈ બાબુભાઈ રોકડે રહે. મહાદેવનગર, કણજા ફાટક, વ્યારા, તા.વ્યારા જી.તાપી
(૨) રાજેશભાઈ બાબુભાઈ ચૌધરી રહે. નવીવસાહત, કાનપુરા, જનક હોસ્પીટલ પાસે, વ્યારા, તા.વ્યારા, જી.તાપી
(૩) રાજકપુર ધરમવીર ચૌધરી રહે. એમ.બી પાર્ક સોસાયટી, શંકર ભગવાનના મંદીર પાસે, વ્યારા, તા.વ્યારા, જી. તાપી
(૪) આનંદભાઈ ઈશ્વરભાઈ રાણા રહે. રામનગર સોસાયટી, રામજીમંદીર પાસે, વ્યારા તા.વ્યારા જી.તાપી
(૫) શૈલેષ મનુભાઈ ગામીત રહે. સીંગી ફળીયુ, કટસવણ ચાર રસ્તા, વ્યારા, તા.વ્યારા, જી.તાપી
(૬) સલીમભાઈ હુશેનભાઈ કાકર રહે. મ.નં.૮૮૨, મગદુમનગર મસ્જીદ પાસે, વ્યારા, તા.વ્યારા, જી.તાપી
(૭) મેહુલ જયંતીભાઈ ગામીત રહે. મંદીર ફળીયુ, ટીચકપુરા, વ્યારા, તા.વ્યારા, જી.તાપી

-: વોન્ટેડ આરોપીઓ- ૦૫ :-

(૧) જીગ્નેશભાઈ રામુભાઈ ઢીમ્મર (માછી) રહે સોનગઢ હાઈવે રોડ, સ્મશાન ભુમીની બાજુમાં, વ્યારા, તા.વ્યારા જી. તાપી
(૨) સ્થળ પર મોબાઇલ ફોન મુકી નાસી જનાર ૦૪ આરોપીઓ

-: રેઈડના ફોટોગ્રાફ્સ :-



